### ઠાસરા તાલુકાના રખિયાલમાં ગટરના કામમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની શંકા

# ઠાસરાના રખિયાલમાં ગટર કામગીરીથી પ્રજા ત્રસ્ત

**ગામમાં** ગટરના પાણી ફરી વળતાં ગ્રામજનોમાં રોષ





(પ્રતિનિધિ) ઠાસરા, તા.22

ઠાસરા તાલુકાના રખિયાલ ગામમાં થોડા સમય પહેલા થયેલા ગટરના કામમાં ભારે ગેરરીતિ આચર્યાની શંકા ઉઠી છે. આ કામમાં આડેધડ કામ કરવામાં આવ્યું છે, જેના કારણે નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. ગામમાં લેવલીંગ વગર જ અણઘડ થયેલા કામમાં ગટર ઉભરાવવાની સમસ્યા વકરી રહી છે. જેથી રોગચાળાનો પણ ભય ઊભો થયો છે.

ઠાસરા તાલુકાના રખિયાલ ગામના વિકાસ કામમાં ભારે ભ્રષ્ટાચાર થતી હોવાની ફરિયાદો ઊઠી રહી છે. ગામમાં એક મહિના પૂર્વે જ ગટરનું કામ કરાયું હતું. આ પહેલા ગટરના પાણીની જગ્યા 10 X 10 જેટલી હતી. જો કે, આ વખતે ગટરના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર એક ફૂટનુ ભૂંગળું નાખીને પાણીના નિકાલ માટે જગ્યા બનાવી હતી. જેને પરિણામે આ પાણી રખિયાલ ગામના મુખ્ય રોડ પર ફરી વળ્યાં છે. એક ફૂટની પાઈપલાઈન નાખતા તો નાખી પરંતુ એને બંધ કરવાનું પણ તેમને સુઝયું નથી. આ ઉપરાંત રોડની બાજુમાં માત્ર માટીના ઢગલા કરીને સંતોષ માન્યો છે. આ ગટર લાઇનનું કામ અંદાજિત 3 લાખનું હોય તેવી માહિતી મળી છે. ગામમાં ક્યાંય પૂરાણ કરવામાં આવ્યું નથી. બીજી તરફ લોકો ગંદકીનો સામનો કરી રહ્યાં છે. અહીં રોડ પર પાણી ફરી વળતા બાળકો અને વૃદ્ધ લોકો અવર જવર માટે મુશ્કેલી પડી રહી છે. ઠાસરા તાલુકા પંચાયતના એન્જિનિરો પણ આ ગેરરીતીમાં સાથ આપી રહ્યા હોય તેવું સીધું દેખાઈ રહ્યું છે. તાલુકા પંચાયતની મિલી ભગત અને પ્રમુખ સાથેની સાંઠ ગાઠના લીધે આવા મોટા કૌભાંડો બહાર આવતા ન હોવાનો પણ સૂર ઉઠ્યો છે.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી ઉપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રખિયાલ ગામમાં ગટરના કામ બાબતે અત્યાર સુધી કોઈ ફરિયાદ આવી નથી. હું યોગ્ય તપાસ કરાવી લઉ છું અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# આણંદમાં પાંચ દિવસથી મેઘો મહેરબાન : ખેડૂતો વ્યસ્ત થયાં

**સાર્વત્રિક** વરસાદ થતાં ધરૂવાડીયાની રોપણી સહિત ખેતીકાર્ય પુરજોશમાં શરૂ



વાત્રક કાંઠા વિસ્તારમાં ખેડૂતો ડાંગરનું ધરૂ નાખવામાં વ્યસ્ત બન્યાં છે.

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ જિલ્લામાં ચોમાસાએ સતત પાંચમા દિવસે પણ આઠેય તાલુકાઓમાં વધતા ઓછા પ્રમાણમાં વરસાદ ચાલુ જ રહેવા પામ્યો છે. જોકે દિવસભર વાદળછાયા વાતાવરણ સાથે બપોર બાદ સમગ્ર જિલ્લામાં દરેક વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ થતાં ડાંગરના ધરૂવાડીયાની રોપણી સહિત ખેતીકાર્ય પુરજોશમાં શરૂ થઈ ગયું છે.

આણંદના જીલ્લા કન્ટ્રોલ રૂમના અહેવાલ અનુસાર, શનિવારે સમગ્ર જીલ્લામાં છુટોછવાયો વરસાદ વરસ્યો હતો. છેલ્લા પાંચ દિવસથી પડી રહેલા અવિરત વરસાદને પગલે-પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. બાફ અને ઉકળાટભર્યા વાતાવરણમાંથી પણ મુક્તિ મળી જવા પામી છે. સતત પાંચ દિવસથી બપોર બાદથી વહેલી સવાર સુધી જીલ્લામાં આઠેય તાલુકાઓમાં અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. જેને લઈને મોટાભાગના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. હવામાન વિભાગ દ્વારા હજી પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

### સંતરામપુર પાસે ડમ્પર અને એસટી બસ અથડાતાં છ ઘાયલ



સંતરામપુરના બાયપાસ રોડ પર સીએનજી પમ્પ નજીક એસટી બસ અને ડમ્પર સામસામે અથડાયાં હતાં. જેમાં બસમાં સવાર છ મુસાફરને નાની મોટી ઇજા પહોંચી હતી. ફતેપુરાથી માણસા વાયા સંતરામપુરની બસને આ અકસ્માત નડ્યો હતો. જેમાં ડમ્પરના ચાલકે પુરઝડપે હંકારી બેદરકારી દાખવતા બન્ને વાહન સામસામે અથડાયાં હતાં. આ અકસ્માતમાં મુસાફરોની ચિચિયારીથી આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. **તસવીર : ઇન્દ્રવદન પરીખ**

# ગળતેશ્વરના ટીંબાના મુવાડાના બે યુવાનો કેનાલના પાણીમાં ડૂબ્યા

**સ્થાનિક** તરવૈયાઓ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી



(પ્રતિનિધિ) નડિયાદ, તા.22

ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં નર્મદાની મુખ્ય કેનાલમાં 2 યુવક ડૂબ્યા હોવાની બાબતે કેનાલ પાસે લોકોના ટોળેટોળા એકઠા થયા છે. ત્રણેય યુવક 18 થી 20 વર્ષની વયનાં છે અને 3 પૈકી બે યુવાન ટીંબાના મુવાડાનાં હોવાનું સામે આવી રહ્યુ છે. હાલ, સ્થાનિક તરવૈયાઓ અને તંત્ર દ્વારા યુવકોની શોધખોળ કરાઈ રહી છે. આ ઘટના બનતાં ગ્રામ પંચાયતમાં ચૂંટણીનો માહોલ શોકમય બન્યો છે.

ખેડા જિલ્લાનાં ગળતેશ્વર તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં 2 યુવાન ડૂબ્યા હોવાની ઘટના આજે બની છે. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં 18 થી 20 વર્ષના 2 યુવાન ડૂબ્યા છે. આ બે યુવાન ટીંબાનાં મુવાડા ગામનાં હોવાનું સામે આવ્યું છે. ટીંબાના મુવાડાનાં ગ્રામજનો મતદાનનો પર્વ ઊજવી રહ્યા હતા તેની વચ્ચે દુઃખદ સમાચાર આવતા ગામ શોકમય બન્યું છે.

આ બનાવમાં સત્તાવાર રીતે ગામન તલાટી દ્વારા મળેલી માહિતી મુજબ બંનેમાથી એકનો મૃતદેહ મળી આવ્યો છે. ડૂબનારા યુવકોના નામ જોઈએ તો અક્ષય મણીલાલ પરમાર (ઉ.વ.18) અને અમીત વિનુભાઈ પરમાર (ઉ.વ.22) બંને રહે. ટીંબાના મુવાડા હોવાનું જણાવ્યું છે

**સરપંચ પદના બંને દાવેદાર સ્થળ પર પહોંચ્યા**

આ વાત વાયુવેગે ફેલાતા ટીંબાના મુવાડાના સરપંચ પદનાં બન્ને હરીફ ઉમેદવાર પ્રકાશ પટેલ અને રિપલ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો કેનાલ પર પહોંચ્યા છે. જ્યારે, સ્થાનિક તરવૈયાઓ અને તંત્ર દ્વારા ત્રણેય યુવાનોની શોધખોળ કરાઈ રહી છે. જો કે, યુવાનો કોણ છે અને કેવી રીતે ડૂબ્યા ? તે અંગેની વિગતવાર માહિતી તેમનાં મળ્યા પછી જાણી શકાશે. પરંતુ, હાલ ચૂંટણી પર્વનાં માહોલ વચ્ચે દુઃખદ સમાચાર સામે આવતા ગ્રામજનો ચિંતામાં ચૂકાયા છે.

### માતરના સીંજીવાડામાં રાષ્ટ્રીય પક્ષીને મોરને બચાવવામાં આવ્યો




માતર તાલુકાના સિંજીવાડા ગામના પરા વિસ્તાર શેજુડીપુરામાં રહેતા ભુપતભાઈ ઘનશ્યામભાઈ સોલંકીના ખેતરમાં રાષ્ટ્રીય પક્ષી મોર આવ્યો હતો. આ સમયે રખડતાં શ્વાન દ્વારા મોરને પકડી તેનો શિકાર કરવા કોશીષ કરી હતી. જોકે, ખેડૂતોએ તાત્કાલિક મોરને શ્વાનના સકંજામાંથી મુક્ત કરાવ્યો હતો. આ અંગે સ્થાનિક આગેવાન મનોજસિંહને જાણ કરતાં તેઓએ વન વિભાગના અધિકારીની મદદ લીધી હતી અને ઘાયલ મોરને સારવાર માટે પશુ દવાખાને ખસેડયો હતો. **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વલ્લભ વિદ્યાનગરની આઈબી ગુજરાતી પ્રાથમિક શાળામાં યોગ કરાયાં



**આણંદ |** વિદ્યાનગર સ્થિત સેતુ ટ્રસ્ટ અને આઈબી ગુજરાતી પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે યોગ દિવસની વિશિષ્ટ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેતુ ટ્રસ્ટમાં નિવાસ કરી અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ, દિવ્યાંગ, અનાથ, સિંગલ પેરેન્ટ્સ તથા જેમના માતા-પિતા પણ દિવ્યાંગ હોય તેવા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સાથે આઈબી શાળાના ધોરણ 6, 7 અને 8ના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહથી યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના ટ્રેનર શંકરભાઈ રાઠોડ, દીપ્તિબેન વાડોદરીયા, ભૂમી આંજણા તથા બેનાબેન આંજણાએ યોગ સત્રોનું સંચાલન કર્યું હતું.

### ખંભાત કોલેજમાં 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસ' (યોગા સંગમ)ની ઉજવણી કરવામાં આવી



**ખંભાત |** ખંભાત સ્થિત આરપી આર્ટસ, કેબી કોમર્સ અને બીસીજે સાયન્સ ખંભાત કોલેજમાં આચાર્ય પ્રા.નટવરભાઈ આઇ.પરમારના માર્ગદર્શન હેઠળ NSS, NCC, NYKS અને કોલેજના સયુંક્ત ઉપક્રમે 'યોગ દિવસ' ઉજવાયો હતો. જેમાં યોગા ટ્રેનર તરીકે પ્રા. ટિવકલ પ્રજાપતિ દ્વારા યોગ કરાવવામાં આવ્યા હતા. જેમાં કોલેજ સ્ટાફ, વિદ્યાર્થીઓ 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસ'માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેનુ આયોજન પ્રા.સરફરાજ આઇ.મનસુરી, પ્રા. જાગૃતિબેન વિઝુંડા, પ્રા.ગોપાલભાઈ જી.રાઓલ, સૃષ્ટિબેન ગામિત, પ્રા.પારસભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આણંદમાં પી.એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે 11મો વિશ્વ યોગ ડે ઉજવાયો



**આણંદ |** વિશ્વ યોગ દિવસની ઉજવણી અવસરે આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી.એમ. પટેલ કોલેજ કેમ્પસ, આણંદ ખાતે વિશેષ યોગા શિબિરનું આયોજન યોગ ટ્રેનર અને કા. આચાર્ય (ડો) મનનભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ અવસરે એપીએમએસના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલએ યોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે વિવિધ પ્રકારના યોગાસન સાથે શારીરિક અને માનસિક કસરત આધુનિક સમયમાં નિયમિત અપનાવવાની સમજ મેળવવા સાથે વિવિધ 22 કોલેજના અધ્યાપકો અને એનસીસી કેડેટ્સએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

### બાકરોલ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી 'યોગા ફોર હ્યુમીનીટી' થીમ આધારિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ભગીની સંસ્થાના આચાર્યો તેમજ તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી ગણે કેમ્પસના પ્રાંગણમાં ખુબ જ ઉત્સાહપૂર્વક યોગક્રિયામાં ભાગ લીધો હતો. આ યોગક્રિયા કરાવવા માટે યોગ એક્ષપર્ટ તરીકે કામીના પટેલ (કાર્યકર્તા, પતંજલિ યોગ સમિતિ) અને તેમની ટીમ દ્વારા યોગની ક્રિયા સાથે વક્તવ્યથી જાણકારી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ દ્વારા તમામ યોગા સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

### નડિયાદના સરદાર વલ્લભભાઈ પટેલ સ્ત્રી અધ્યાપન મંદિરમાં યોગ કરાયાં

**નડિયાદ |** શહેરના સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં



સ્પોર્ટ્સ અધ્યાપક સંજયભાઈએ યોગ અને સ્વાસ્થ્ય અંગે વિસ્તૃત સમજ આપી હતી. વિવિધ યોગ શીખવ્યા હતા અને તેના ફાયદા સમજાવ્યા હતા. આચાર્યા ડો. પ્રીતિ રાઠોડે, યોગને જીવનનો ભાગ બનાવવો જોઈએ તેમ જણાવી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તેની જરૂરિયાતની સમજ આપી હતી. આ સંસ્થાના તાલીમાર્થી બહેનો સાથે અધ્યાપકો પણ યોગ અને આસાન પ્રવૃત્તમાં જોડાયા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે એનએસએસ અને એસીસીના વિદ્યાર્થીઓએ યોગ કર્યાં





**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના યુનિવર્સિટી ભવન ખાતે 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કુલપતિ ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ડો. દિનેશ.એચ. પટેલ, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવ્યાં હતાં. આયુષ મંત્રાલય, ભારત સરકારના કોમન યોગા પ્રોટોકોલ મુજબ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ પ્રશિક્ષક પૂજાબેન પટેલ દ્વારા આસન, પ્રાણાયામ અને ધ્યાન વગેરે માટે યોગ અંગે લોકજાગૃતિ કેળવાય તે માટે માર્ગદર્શન આપી વિવિધ આસનો કરાવવામાં આવ્યાં હતાં. જેમાં યુનિવર્સિટીના અધિકારી, યુનિટ કચેરીના અધિકારી, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો વિગેરેએ યોગ દિવસમાં ભાગ લીધો હતો.

### આણંદના મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિનની ઉજવણી કરાઇ



**આણંદ |** અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠની વિદ્યાસંસ્થા જ્ઞાનયજ્ઞ વિદ્યાલય ખાતે સામૂહિક યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધો. 4 થી 9નાં 50 જેટલાં બાળકોએ યોગપ્રસ્તુતિ કરતાં માનવ પિરામિડ જેવા વિવિધ આકારો સર્જ્યા હતા. બાદમાં શાળાના વ્યાયામ શિક્ષકો ચિરાગકુમાર પટેલ એવમ્ ઝલકબહેન પટેલે યોગાસનો તથા પ્રાણાયામનું મહત્ત્વ સમજાવી, યોગનિદર્શન કર્યું હતું. આ ઉપરાંત ધો. 1 થી 9નાં બાળકોએ યોગ, પ્રાણાયામ અને વિભિન્ન આસનો કરીને ઉજવણીનો આનંદ માણ્યો હતો. જોકે, જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની સાથે મિત્ર પુનર્વસન કેન્દ્રના દિવ્યાંગ યુવાનો અને ભૂલકાંઓએ પણ વિશ્વ યોગ દિનમાં જોડાયાં હતાં.

### વાસદ એસવીઆઇટી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ




**આણંદ |** વાસદ સ્થિત એસવીઆઈટીમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે સવારે મેનેજમેંટના સભ્યો, આચાર્ય, સ્ટાફ મેમ્બર અને ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના એનએસએસના સ્વયંસેવકો દ્વારા વિવિધ આસનો કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડો. દેવેશ પી. સોનીના માર્ગદર્શન હેઠળ અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર વિકાશ અગ્રવાલની દેખરેખમાં કરવામાં આવ્યું હતું.

### સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડીમાં વિશ્વ યોગ દિનની ઉજવણી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ ખેતીવાડી, આણંદમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શાળાના આચાર્યા ભારતીબેન પટેલ તથા વ્યાયામ શિક્ષકના માર્ગદર્શન હેઠળ શાળાના તમામ બાળકો તથા શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારના યોગ તથા આસનો કરી આજના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી તથા યોગના મહત્વ વિશે પણ બાળકોને સમજાવવામાં આવ્યું હતું.

### મહિસાગર જિલ્લાના ખાનપુર ભાજપા મંડળ દ્વારા યોગ દિવસ ઉજવાયો

**ખાનપુર |** ખાનપુર ભાજપા મંડળ દ્વારા યોગદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નચિકેતા સંસ્કાર વિદ્યાલય વડાગામ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મંડળ પ્રમુખ વિનોદભાઈ, મહામંત્રી



પીકેશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ જીગરભાઈ ડામોર,વડાગામ સંરપચ જસવંતભાઈ પટેલ, ઉદેસિંહ ડામોર, ડી.પી.માલીવાડ, દિપકભાઈ શાસ્ત્રી, પર્વતભાઇ મેડા, શાળાનાં આચાર્યો પ્રતાપભાઈ, શિક્ષકો, યુવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.